### એક્સપ્રેસ હાઈવે વચ્ચેનો પુનગામ એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ કામગીરી બાકી

# દહેગામથી કીમ સુધીનો નવો એક્સપ્રેસ હાઈવે 31 ડિસેમ્બરે પહેલા ખુલ્લો મુકાશે



**વાસદથી** સુરત જતાં વાહનચાલકોને વચ્ચેનો ભરૂચ સુધીનો 30 કિમીનો ફેરાવો હવે બચશે

### 3 GIDC માટે વિકલ્પરૂપ પુનગામ એક્સપ્રેસ ચઢવા માટે કાચો ,ચઢાણ વાહનચાલકો માટે માથાનો દુઃખાવો

થોડા દિવસ અંકલેશ્વર,ઝઘડીયા અને પાનોલી સહીતની ત્રણ GIDC માટે એક્સપ્રેસ રોડ માટે વિકલ્પરૂપ પુનગામ એન્ટ્રી/એક્ઝીટ પોઈન્ટ રાજકીય દરમ્યાનગીરીથી મંજુરી મહોર મારી દીધી છે.ટૂંક સમયમાં દહેગામથી કીમ ખુલ્લું મુકવામાં આવશે.ત્યારે વચ્ચે આવતો પુનગામ પોઈન્ટનાં હજુ કોઈ ઠેકાણા નથી. ઘણી વખતે પુનગામ ખાતે ઉબડખાબડ રોડ અને અંકલેશ્વરથી એક્સપ્રેસ હાઈવે પર ચઢવા માટે ખુબ જ કાચો રોડથી ખુબ જ હાઇટ પર જવાથી જાણે ગાડી રીવર્સ આવે તો અકસ્માતને નોતરે એવા સંજોગો છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર પુનગામ પાસે એન્ટ્રી/એક્ઝીટ પોઈન્ટ માટે જમીન સંપાદન કર્યા બાદ કામગીરી એજન્સી નક્કી કરાશે.ત્યારબાદ પોઈન્ટ બનશે એમ લાગી રહ્યું છે.

(પ્રતિનિધિ)ભરૂચ,અંકલેશ્વર તા.24

નવા એક્સપ્રેસ વેમાં હજુ તો પુનગામ એન્ટ્રી/એક્ઝીટ પોઈન્ટ તૈયાર થાય એ પહેલા 2025 વર્ષના છેલ્લા દિવસે (તા.31મી ડીસેમ્બર) આગામી દહેગામથી કીમ ખુલ્લો મુકવાની NHAI PIU સુરતના DGMએ જાણ કરી છે.નવા એક્સપ્રેસ વેની કનેક્ટિવિટી માટે સુરતવાસીઓને પુનગામ પાસે એન્ટ્રી/એક્ઝીટ સર્વશ્રેષ્ઠ ગણાય છે.પુનગામ એન્ટ્રી/એક્ઝીટ પોઈન્ટ હજુ હમણા મંજુર કરતા તેની કામગીરી બાકી છે.જો કે એક્સપ્રેસ વે પરથી જવા આવવા માટે ભરૂચ શહેરમાંથી પસાર થવામાં લગભગ 30 કિમીનું અંતરમાંથી મુક્તિ મળશે.

દિલ્હી અને મુંબઈને જોડતા નેશનલ એક્સપ્રેસ હાઈવે પર હવે તા-31મી ડીસેમ્બરથી વાસદથી સીધા કીમ સુધી જઇ શકાશે.NHAI PIU-સુરત પ્રોજેક્ટનાં DGM સંજયકુમાર યાદવે એક અરજદારને તા-13મી ડિસેમ્બરે લેખિતમાં જવાબ આપ્યો હતો.કે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ પેકેજ-5 બાબતે દહેગામથી કીમ તા-31મી ડીસેમ્બર-2025નાં રોજ ખુલ્લું મુકાશે.જેને લઈને ખુબ જ મજબુત રોડ પર વાહનો સડસડાટ પસાર થશે.કીમથી દહેગામ રોડ વચ્ચે આવતો પુનગામ માટે એન્ટ્રી/એક્ઝીટ પોઈન્ટની મંજુરી મળી છે.પણ હજુ સતાવાર પોઈન્ટ બન્યા નથી.જો કે દહેગામથી કીમનો પોઈન્ટ બનાવતા ભરૂચ શહેરમાં રહીને 30 કિમીનો ફેરવો બચી જતા લગભગ દોઢ કિમીનો સમય બચી જશે.

### સરકારની આયુષ્માન યોજના સંજીવની બની

# SSG હોસ્પિટલમાં હતાશ યુવતીને નવજીવન અપાયું

**અતિ** ખર્ચાળ અને જટિલ ઓકોલોપ્લાસ્ટી સર્જરી હોસ્પિટલમાં નિ:શુલ્ક થઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ક્ષણિક આવેશ કે હતાશામાં લેવાયેલું એક ખોટું પગલું સમગ્ર જીવનને અંધકારમાં ધકેલી શકે છે, પરંતુ જ્યારે દર્દીનું મક્કમ મનોબળ, સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને સરકારી તબીબોની સેવાભાવી નિષ્ઠાનો ત્રિવેણી સંગમ રચાય, ત્યારે મોતને મ્હાત આપીને 'નવજીવન' પણ પ્રાપ્ત કરી શકાય છે. વડોદરાની ૨૩ વર્ષીય સુમિત્રા (નામ બદલ્યું છે) ની કહાની કંઈક આવી જ છે, જેણે સર સયાજીરાવ જનરલ હોસ્પિટલના તબીબોની કુનેહથી પુનઃ સામાન્ય જીવન પ્રાપ્ત કર્યું છે.

વડોદરામાં રહેતી ૨૩ વર્ષીય યુવતી સુમિત્રાએ હતાશાની પળોમાં એસિડ ગટગટાવી લેતા તેમનું જીવન જોખમાયું હતું. શરૂઆતમાં પરિવારજનોએ તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાં આશરે રૂપિયા ત્રણ લાખનો જંગી ખર્ચ કર્યા પછી પણ સુમિત્રાને સંપૂર્ણ સ્વસ્થતા ન મળી. એસિડની તીવ્ર અસરને કારણે તેમની અન્નનળી સંકોચાઈ ગઈ હતી અને જઠરને ગંભીર નુકસાન થયું હતું. પરિણામે, તે મોંઢેથી ખોરાક લઈ શકતી નહોતી અને પેટમાં સીધી નળી (ફીડિંગ ટ્યુબ) મારફતે પ્રવાહી ખોરાક લેવાની ફરજ પડી હતી.

ખાનગી હોસ્પિટલની અધૂરી સારવાર અને આર્થિક ભારણથી થાકીને સુમિત્રાએ વડોદરાની મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી એસ.એસ.જી. હોસ્પિટલનો આશરો લીધો. અહીં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રંજન ઐયર અને સર્જરી વિભાગના વડા ડો. મુકેશ પંચોલીના માર્ગદર્શન હેઠળ તેમની સારવાર શરૂ થઈ. સર્જરી વિભાગના ડો. સમીર કચેરીવાલા અને તેમની ટીમના તબીબોએ સુમિત્રાનું માત્ર શારીરિક નિદાન જ નહીં, પરંતુ માનસિક કાઉન્સેલિંગ પણ કર્યું. ડોક્ટરના પ્રોત્સાહનથી સુમિત્રાએ મક્કમ મનોબળ સાથે કાયમી ઈલાજ માટે જટિલ સર્જરી કરાવવાનો નિર્ણય લીધો હતો.

### સ્વાધ્યાય પરિવાર દ્વારા યુનિવર્સિટીને ત્રીજી રીડિંગ-રૂમ શ્રીરંગ અભ્યાસિકા અર્પિત

# જેટલી સંકલ્પ-શક્તિ વધારે તેટલું સારું કામ થઈ શકે :પૂજનીય દીદીજી

**"જ્યારે** પણ કાર્યમાં સંઘર્ષો આવે ત્યારે માણસે 'આત્મનિશ્ચય' થી ટકી રહેવું જોઈએ." -પૂજનીય દીદીજી




(પ્રતિનિધિ) વડોદરા, તા.11

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા આજે એક ગૌરવપૂર્ણ અને હૃદયસ્પર્શી પ્રસંગની સાક્ષી બની, જ્યાં જ્ઞાનને માનવ ઘડતર સાથે જોડતી એક અનોખી ભેટ યુનિવર્સિટીને અર્પિત કરવામાં આવી. પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે એટલેકે પૂજનીય દાદાજીના સ્વાધ્યાય પરિવારની ધુરા સંભાળનાર અને તેમના વિચારપ્રવાહને વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડનાર પૂજનીય જયશ્રી તલવલકર (દીદીજી) દ્વારા યુનિવર્સિટીને ત્રીજી રીડિંગ-રૂમ"શ્રીરંગ અભ્યાસિકા" પ્રેમ, શ્રદ્ધા અને ઊંડા આત્મીય ભાવ સાથે પોલિટેક્નિક કોલેજને ભેટરૂપે અર્પિત કરવામાં આવી.આ અવસરે યુનિવર્સિટી દ્વારા પૂજનીય દીદીજીના શિક્ષણ, સમાજ અને આધ્યાત્મિક ક્ષેત્રે આપેલા દીર્ઘકાળીન યોગદાનને બિરદાવવા વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોએ પૂજનીય દીદીજીના કાર્યને વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે માર્ગદર્શક અને પ્રેરણાદાયક ગણાવ્યું. પૂજનીય દીદીજીએ તેમના પ્રવચનની શરૂઆતમાં જણાવ્યું કે જે પણ કર્યું છે તે બહુજ પ્રેમથી કર્યું છે. "શ્રીરંગ અભ્યાસિકા" ને માટે દાન,અનુદાન, મદદ આવા શબ્દોનો પ્રયોગ ન કરતાં, પ્રેમ ને પ્રેમ જ રહેવા દો. જે વિધ્યાર્થીઓ ફૂલથી મારુ સ્વાગત કરી રહ્યા હતા તેમને પણ મે એવું કીધું કે મારુ સ્વાગત કરવું હોય તો વધારે માં વધારે માર્કસ લાવીને સ્વાગત કરો.

તેમણે જણાવ્યું કે ચંદ્ર-સુર્ય ચલાવવાવાળી શક્તિ જ્યારે મારી અંદર આવીને વસી છે ત્યારે વ્યક્તિમાં આત્મગૌરવ નિર્માણ થાય છે. જેટલી સંકલ્પ-શક્તિ વધારે તેટલું સારું કામ થઈ શકે. 'Yes, I Can do', આ તાકાત બધાજ ક્ષેત્રો માટે આવશ્યક છે.

# ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ મીટિંગમાં ગુજરાત ચેપ્ટરનું ઉદ્ઘાટન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ (ICTC) દ્વારા ગુરુવાર 25 ડિસેમ્બર 2025ના રોજ હાયાત પ્લેસ, વડોદરામાં ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ મીટિંગ 2025નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક કોમનવેલ્થ દેશો વચ્ચે વેપાર, રોકાણ અને સંસ્થાગત સહકારને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ. આ બેઠકનો મુખ્ય આકર્ષણ ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ - ગુજરાત ચેપ્ટરનું ઔપચારિક ઉદ્ઘાટન હતું. આ મહત્વપૂર્ણ પહેલનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય વેપાર સંવાદમાં પ્રદેશ સ્તરે ભાગીદારી વધારવો અને કોમનવેલ્થ દેશો સાથે મજબૂત આર્થિક સંબંધો વિકસાવવાનો છે. કાર્યક્રમની શરૂઆત ICTC - ગુજરાતના માનદ અધ્યક્ષ શ્રી વિરલ ચૌધરીના સ્વાગત ભાષણથી થઈ. તેમણે કાઉન્સિલના દ્રષ્ટિકોણ અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું કે કાઉન્સિલ દ્વિપક્ષીય તથા બહુપક્ષીય વેપારને પ્રોત્સાહન આપવા, સીમા પારના વ્યાવસાયિક સહયોગને સક્રિય કરવા તથા કોમનવેલ્થ બજારોમાં એમએસએમઇ (MSME) ક્ષેત્રના વિકાસને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# 'આતાપી વન્ડરલેન્ડ' ગુજરાતના શ્રેષ્ઠ થીમ પાર્ક તરીકે સન્માનિત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24



ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતા 'ગુજરાત ટુરીઝમ એવોર્ડ્સ ૨૦૨૫' માં આતાપી વન્ડરલેન્ડ (AATAPI Wonderland) ને રાજ્યના 'બેસ્ટ થીમ પાર્ક અને એમ્યુઝમેન્ટ પાર્ક' ના એવોર્ડથી સતત ત્રીજી વાર નવાજવામાં આવ્યું છે. ગુજરાત ટુરીઝમ દ્વારા આયોજિત આ એવોર્ડ સમારોહમાં આતાપી વન્ડરલેન્ડને તેની વિશ્વસ્તરીય રાઈડ્સ, અત્યાધુનિક સુરક્ષા માપદંડો અને શ્રેષ્ઠ ગ્રાહક સુવિધાઓ માટે આ સન્માન મળ્યું છે. આ સિદ્ધિ સાથે આતાપી વન્ડરલેન્ડ હવે ગુજરાતનું નંબર ૧ થીમ પાર્ક તરીકે સતત ત્રીજી વાર પ્રસ્થાપિત થયું છે. આતાપી વન્ડરલેન્ડના મેનેજમેન્ટે આ સફળતાનો શ્રેય મુલાકાતીઓના અતૂટ વિશ્વાસ અને ટીમની મહેનતને આપ્યો હતો.

### વિશ્વ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવનો તૃતીય દિવસ ભક્તિરસમાં સરાબોર

# શ્રીકૃષ્ણઃ શરણમ્ મમના મહાજાપથી સર્વે દોષો દૂર થાય છે :વ્રજરાજકુમારજી





**સુખ-આનંદ** આપણા અંદર જ છે અને ભગવાનની ભક્તિ એ શ્રેષ્ઠ માર્ગ?

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરાની પાવન નગરી નવલખી ગ્રાઉન્ડે વિશ્વ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવના તૃતીય દિવસે શ્રીકૃષ્ણમય વાતાવરણ છવાઈ ગયું હતું. હજારોની સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ VYO Educationના બાળકો દ્વારા રજૂ થયેલા "શ્રી યમુના યમુના" અને "છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ"ના મધુર સંગીત-નૃત્ય સાથે ભક્તિના તરંગો અનુભવે સમગ્ર સભામંડપને કૃષ્ણમય બનાવી દીધો હતો.

તૃતીય દિવસે પ્રવચન કરતા Vrajarajkumarjiએ જણાવ્યું કે "શ્રીકૃષ્ણઃ શરણમ્ મમ્" મહામંત્રનો મહાજાપ કરવાથી સર્વે દોષો દૂર થાય છે અને ચિત્ત-મન શુદ્ધ બની ભક્તિમય બને છે. તેમણે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંદના અંતમાં આવતાં રાજા પરીક્ષિત અને સુખદેવજીના સંવાદનો સાર રજૂ કર્યો.જીવનની અનિશ્ચિતતા અને સમયનું મૂલ્ય પૂજ્યશ્રીએ જણાવ્યું કે જીવનનો કોઈ ભરોસો નથી–શ્વાસ ક્યારે બંધ થઈ જાય તે કોઈને ખબર નથી. કાળ અને ઈશ્વર ઇચ્છા સામે કોઈનું ચાલતું નથી. સત્સંગ અને ભક્તિ દ્વારા ઈશ્વર કૃપાથી મૃત્યુને થોડું પાછળ ધકેલી શકાય છે. તેથી અમૂલ્ય સમયનો સદુપયોગ કરીને શ્રવણ, સ્મરણ અને કીર્તન દ્વારા આત્મકલ્યાણ કરવું જોઈએ. વિરાટ સ્વરૂપ અને એકતાનો ભાવ વિશ્વ પરમાત્માનું સ્વરૂપ છે અને 14 લોક ભગવાનના વિરાટ સ્વરૂપમાં સમાયેલાં છે. હવેલીમાં બિરાજતા ઠાકોરજી હોય કે ઘરમાં પૂજાતા સ્વરૂપ–બધાં એક જ છે, એવી ભાવના સાથે સેવા કરવી જોઈએ. શ્રી વલ્લભાચાર્ય, શ્રી યમુનાજી અને શ્રીનાથજી–ત્રણે સ્વરૂપ એક જ પૂર્ણ પુરુષોત્તમના દર્શન કરાવે છે.ચતુ:શ્લોકી ભાગવત અને ભક્તિનું પ્રકાશ ચતુ:શ્લોકી ભાગવતમાંથી પ્રગટ થયેલું શ્રીમદ્ ભાગવતરૂપી વૃક્ષ ભગવાનની સાક્ષાત હાજરીનો પુરાવો છે. ભગવાનની ભક્તિ જીવનને પ્રકાશ તરફ લઈ જાય છે અને અંધકારરૂપ દુઃખ દૂર કરે છે.પૂજ્યશ્રીએ સંદેશ આપ્યો કે સંધ્યાકાળે આહાર, ભોગવિલાસ અને નિદ્રા ટાળવી જોઈએ. પ્રાતઃ સમય બ્રહ્મમુહૂર્ત છે–રાત્રે 10થી સવારે 4 સુધીની ઊંઘ શ્રેષ્ઠ ગણાય છે. સુખ-આનંદ આપણા અંદર જ છે અને ભગવાનની ભક્તિ એ શ્રેષ્ઠ માર્ગ છે.

### ઈગ્રામ પોર્ટલ થકી 9.60 લાખ નાગરિકોને મળ્યો સરકારની વિવિધ સેવાઓનો લાભ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સમયસર મળે એમાં સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલું ડિઝીટલ ઈન્ડિયા અભિયાન ચાવીરૂપ ભૂમિકા અદા કરી રહ્યું છે. ડિઝીટલ ઈન્ડિયા પહેલમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ સેવાઓ ઓનલાઈન થતાં નાગરિકોને સુશાસનની અનુભૂતી થઈ રહી છે.

ભારત રત્ન અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિનને સુશાસન દિવસ તરીકે મનાવવામાં આવી રહ્યો છે. સુશાસનનો અર્થ એ છે કે શાસન વ્યવસ્થા જનકેન્દ્રિત, પારદર્શક અને જવાબદાર હોવી જોઈએ. સુશાસન માટે સૌપ્રથમ પારદર્શકતા અનિવાર્ય છે, જેથી સરકારના નિર્ણયો, નીતિઓ અને ખર્ચ અંગેની માહિતી નાગરિકોને સરળતાથી પ્રાપ્ત થાય. સાથે સાથે જવાબદારી પણ અત્યંત મહત્વપૂર્ણ છે, જેમાં સરકારી અધિકારીઓ અને સંસ્થાઓ પોતાના કાર્ય માટે જનતા સામે જવાબદાર રહે છે. આ બાબતમાં ડિઝીટલ ઈન્ડિયા પહેલ મહત્વની છે. આ માટે અમલમાં મૂકવામાં આવેલા પબ્લિક ઈન્ટરનેટ એક્સેસ પ્રોગ્રામ, કોમન સર્વિસ સેન્ટર ઈન ઇચ વિલેજ પંચાયત અંતર્ગત વડોદરા જિલ્લાની તમામ ૫૩૪ ઈગ્રામ સેન્ટર ઉપલબ્ધ છે. એમાં વિલેજ કોમ્પ્યુટર એન્ટ્રપ્રિન્યોર દ્વારા સેવા આપવામાં આવે છે.

### વડોદરા સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્યની અસર

# બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

પશ્ચિમ રેલવેના વડોદરા સ્ટેશન પર લાઈન નંબર 3 પર એન્જિનિયરિંગ કાર્ય (Complete Track Renewal) હેતુ 24 ડિસેમ્બર 2025 થી 17 જાન્યુઆરી 2026 સુધી બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. શૉર્ટ ટર્મિનેટ થવા વાળી ટ્રેનો, 1.ટ્રેન નંબર 69108 અમદાવાદ-વડોદરા મેમુ, તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી બાજવા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.2.ટ્રેન નંબર 69102 અમદાવાદ-વડોદરા મેમુ, તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી બાજવા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. 3.રેન નંબર 19036 અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ, તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી બાજવા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.4.રેન નંબર 12929 વલસાડ-વડોદરા ઈન્ટરસિટી તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી વિશ્વામિત્રી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન વિશ્વામિત્રી-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. 5.ટ્રેન નંબર 69120 દાહોદ-વડોદરા મેમુ તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી છાયાપુરી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. 6. ટ્રેન નંબર 69118 ગોધરા-વડોદરા મેમુ તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી છાયાપુરી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થવા વાળી ટ્રેનો, 1. ટ્રેન નંબર 69107 વડોદરા-અમદાવાદ મેમુ તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી બાજવા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. 2.ટ્રેન નંબર 19035 વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી બાજવા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.3.ટ્રેન નંબર 69119 વડોદરા-દાહોદ મેમુ તારીખ 24.12.2025 થી 17.01.2026 સુધી છાયાપુરી સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-છાયાપુરી વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

### પ્રાથમિક શિક્ષણ સમિતિનું વર્ષ 2026-27 નું 297 કરોડનું અંદાજપત્ર રજૂ

# ઈમારતોને સોલાર રૂફટોપથી સજ્જ કરવા સાથે નવી ત્રણ કોન્સેપ્ટ સ્કૂલ બનાવાશે

કોર્પોરેશન પાસે નવા 20 સોલર રૂટ ટોપ અંગે નાણાકીય આયોજન અંગે જોગવાઈ છે : આદિત્ય પટેલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

વડોદરામાં નગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું વર્ષ 2026-27 નું બજેટ શાસનાધિકારી ડો. વિપુલ ભરતીયાએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ આદિત્ય પટેલ, ઉપાધ્યક્ષ અંજના ઠક્કર અને શિક્ષણ સમિતિના સભ્યો સમક્ષ રજૂ કર્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મળેલી સામાન્ય સભામાં શાસનાધિકારી ડોક્ટર વિપુલ ભરતિયાએ રજુ કરેલા આગામી વર્ષના બજેટ પર ચર્ચા કરવામાં આવી હતી. અંદાજપત્રમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા હોવાની માહિતી સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ આદિત્ય પટેલે જણાવ્યું હતું કે, 297 કરોડનું અંદાજપત્ર રજૂ થયું છે. જેમાં વિઝન 20 -30 ને ધ્યાનમાં રાખીને તમામ ઈમારતોને સોલાર રૂફટોફથી સજ્જ કરવી તેમજ સ્માર્ટ ક્લાસ બનાવવામાં ત્રણ નવી કન્સેપ્ટ સ્કૂલ શરૂ કરવી, જેવા મહત્વપૂર્ણ વિષયનો સમાવેશ છે. કોર્પોરેશન પાસે પણ અમે નવા 20 સોલર રૂફટોપ 10 કિલો વોટના પ્રત્યેક એવા સોલર રૂટ ટોપ અંગે નાણાકીય આયોજન અંગે જોગવાઈ મૂકી છે. જે વર્ગખંડ સ્માર્ટ ક્લાસ છે, એ સિવાયના બીજા સ્માર્ટ ક્લાસ છે તેને પણ સ્માર્ટ બનાવવાની દિશામાં જોગવાઈ કરી છે. સમિતિના વડોદરા સીટીમાં આવેલા અલગ અલગ ત્રણ ઝોનમાં ત્રણ સ્કૂલને 20- 30 અંતર્ગત અમે કોન્સેપ્ટ સ્કૂલ બનાવવા જઈ રહ્યા છે. ફક્ત કોઈ એક વર્ગ માટે નહીં, પરંતુ તમામ વર્ગના પરિવાર ના વર્ગો માટે એક શ્રદ્ધાનું કેન્દ્ર બને તે અંતર્ગત આ કોન્સેપ્ટ સ્કૂલ ના માધ્યમથી એક સુંદર મજાનું શાળાનું એન્ટ્રી ગેટ હોય એક સરસ મજાની 24 / 7 નિગરાની માટે સીસીટીવીના માળખા સિવાય એક અલાયદી વોચમેનની કેબિન હોય એક આદર્શ વિદ્યાર્થી બનવાની દિશામાં યોગ્ય પરિણામ લાવી શકે, સાથે સાથે આ સ્કૂલના માધ્યમથી એક અલાયદો યોગા રૂમ હોય, મ્યુઝિક ડાન્સ રૂમ હોય એક આર્ટ રૂમ હોય અને સાથે સાથે સુંદર પ્લેગ્રાઉન્ડ એવું હોય કે ડીમાર્કેશન સાથે દેશી અથવા ભારતમાં ચલણ હોય એવી અલગ અલગ પ્રકારની રમતો રમવાની પણ સુવિધા હોય આ પ્રકારનું એક વિઝન પ્રાથમિક શિક્ષણ સમિતિના સર્વે બોર્ડના માધ્યમથી કોર્પોરેશન સમજ કન્સેપ્ટ સ્કૂલના માધ્યમથી મૂકવામાં આવ્યું છે.

**આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
સીઆઈએન: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોન: 91-44-45644000, ફેક્સ: 91-44-45644022

**સેક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13 (2) હેઠળની નોટિસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરિ મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્રમાંક | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ | કલમ 13 (2) નોટિસ તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 47429262 | મિલકતના બદલે લોન | 1. પટેલ બિપીનભાઈ<br>2. પટેલ પુષ્પાબેન | 17.12.2025 | INR 2,70,391.20/- |

મિલકતનું સરનામું : મૌજે: ઉટિયા મેઘડ, વડોદરા ખાતેના બિન-ખેતીની સ્થાવર મિલકતના તમામ ભાગમાં આવેલી મિલકત નં. 152-બી, જેનું ક્ષેત્રફળ 1080 ચોરસ ફૂટ, બાંધકામ ક્ષેત્રફળ 810 ચોરસ ફૂટ, કાર્પેટ એરિયા 704 ચોરસ ફૂટ, જેનું રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા અને જિલ્લો વડોદરા ખાતે સ્થિત છે અને જેની સીમાઓ: પૂર્વ: નાડુભાઈ જીવાભાઈના ઘર પછીનો પહોળો રસ્તો, પશ્ચિમ: શનાભાઈ ડાહ્યાભાઈના ઘર પછીનો પહોળો રસ્તો, ઉત્તર: જયંતીભાઈ શાંતિલાલનું ઘર, દક્ષિણ: હરેશભાઈ રવાજીભાઇનું ઘર

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરિ મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

તારીખ : 25.12.2025
સ્થળ : વડોદરા, ગુજરાત

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **માંજલપુર ટાંકી** ખાતે સંપ તથા ટાંકી સફાઈની કામગીરી **તા. ૨૬.૧૨.૨૦૨૫**ને શુક્રવારના રોજ સવારના પાણી વિતરણ બાદ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી માંજલપુર ટાંકીના કમાન્ડ વિસ્તારમાં શુક્રવાર તા.૨૬.૧૨.૨૦૨૫ના રોજ સાંજના સમયમાં પાણી વિતરણ કરવામાં આવશે નહીં તથા **તા.૨૭.૧૨.૨૦૨૫** શનિવારના રોજ માંજલપુર ટાંકી પરથી સવારનું પાણી વિતરણ વિલંબથી તથા હળવા દબાણથી કરવામાં આવશે. જે જાણમાં લઈ સ્થાનિક રહીશોએ જરૂરી પાણીનો સંગ્રહ કરવા તેમજ કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૯૬૬/૨૦૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર (પા.પુ.પ્રોજેક્ટ)

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૯૬૧/૨૫-૨૬ | બ્રિજ પ્રોજેક્ટ | ૦૨ | ૧,૬૮,૫૩,૩૧૧/- |
| ૨ | ૯૬૩/૨૫-૨૬ | મિકેનીકલ શાખા | ૦૧ | ૭૫,૦૦,૦૦૦/- |
| 3 | ૯૬૪/૨૫-૨૬ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | 03 | ૧,૫૦,૦૦,૦૦૦/- |
| ૪ | ૯૬૭/૨૫-૨૬ | સેન્ટ્રલ વર્કશોપ | ૧૫ | ૬,૫૭,૨૨૫/- |
| ૫ | ૯૬૮/૨૫-૨૬ | સયાજીબાગ ઝૂ | ૦૨ | ૨,૯૭,૨૧૨/- |
| ૬ | ૯૬૯/૨૫-૨૬ | સ્ટ્રીટલાઈટ વિભાગ | ૦૨ | ૭,૮૭,૧૬૧/- |
| ૭ | ૯૭૦/૨૫-૨૬ | સ્ટ્રીટલાઈટ વિભાગ | ૦૧ | ૧૧,૮૬,૪૩૭/- |
| ૮ | ૯૭૧/૨૫-૨૬ | ડ્રેનેજ - વ.ગ. પ્રોજેક્ટ | ૦૫ | ૧૧,૪૮,૦૫,૮૩૯/- |

**નોંધ: અ.નં. ૧,૨,૩,૭ અને ૮ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૯૭૨/૨૦૨૫-૨૬ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

### આર્ટ્સ એન્ડ મનુભાઈ સી. પટેલ કોમર્સ કોલેજમાં રોજગાર ભરતી મેળો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

મદદનીશ નિયામક રોજગાર કચેરી તરસાલી જાનકી વલ્લભ આર્ટ્સ એન્ડ મનુભાઈ સી. પટેલ કોમર્સ કોલેજ મુવાલ તથા ઓમ એકેડેમી, પાદરાના સંયુક્ત ઉપક્રમે જાનકી વલ્લભ આર્ટ્સ એન્ડ મનુભાઈ પટેલ કોમર્સ કોલેજ, મુવાલ ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો હતો.

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website    E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનર્ફોસમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી.
આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 18/02/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ | તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિંમત / ઈએમડી (In Rs.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | આજવા રોડ, વડોદરા | (૧) શ્રીમતી શિલા પ્રદિપ સિંહ (કરજદાર), (૨) શ્રી શિવમ પ્રદિપ સિંહ (કરજદાર) | રૂ.૨૧,૮૦,૬૮૫.૮૪ | ૨૨/૦૯/૨૦૨૫ | મિલકત રજીસ્ટ્રર જિલ્લો: વડોદરા અને સબ-જિલ્લો: વાઘોડિયા, ગામ: જેસંગપુરા, તાલુકો: વાઘોડિયા, જિલ્લો: વડોદરા, રેવન્યુ સર્વે નં. ૭૭/બી, માપ ૧૫૭૯૭.૦૦ ચો.મીટર્સ. પૈકી ૧૧૧૬૨ ચો.મીટર્સ. દક્ષિણ બાજુ અને ૭૮/બી દક્ષિણ બાજુ માપ ૨૨૨૧૫.૦૦ ચો. મીટર્સ., ૧૧૧૬૨ ચો.મીટર્સ., ૧૫૯૦૯.૦૦ ચો.મીટર્સ. કુલ ૨૭૦૭૧ ચો.મીટર્સ. જે ''અનંતા સંસ્કાર'' નામની યોજના પૈકી યુનીટ/પ્લોટ નં. એફ-૧૫૩, પ્લોટ વિસ્તારનું માપ ૬૨.૭૧ ચો.મીટર્સ., ૩૧.૪૪ ચો.મીટર્સ. અવિભાજીત જમીન, ૫૫.૭૪ ચો.મીટર્સ. બિલ્ટપ વિસ્તાર, ૩૬.૮૫ ચો.મીટર્સ. કારપેટ વિસ્તાર. ચતુર્દિશા: ઉત્તરે: યુનીટ નં. સી/૧૫૬ (બ્રોસર મુજબ) અને યુનીટ નં. એફ/૧૫૪ (હોકા ચંત્ર મુજબ), દક્ષિણે: આંતરિક રસ્તો (બ્રોસર મુજબ) અને યુનીટ નં. એફ/૧૫૨ (હોકા ચંત્ર મુજબ), પૂર્વે: યુનીટ નં. એફ/૧૫૨ (બ્રોસર મુજબ) અને યુનીટ નં. સી/૧૫૬ (હોકા ચંત્ર મુજબ), પશ્ચિમે : યુનીટ નં. એફ/૧૫૪ (બ્રોસર મુજબ) અને આંતરિક રસ્તો (હોકા ચંત્ર મુજબ). | સાંકેતિક | 14,34,000/- / 1,43,400/- | IDIB30240741611 | Mr. Piyush Singh (M) 81289 67577 |

બીડ વધારવાની કિમંત રૂ.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૧૮/૦૨/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૬/૧૨/૨૦૨૫ થી ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૧૮/૦૨/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction service provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call **PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220,email ID: - support.baanknet@psballiance.com** and other help line numbers available in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd. and EMD status, please contact **support.baanknet@psballiance.com.** For property details and photograph of theproperty and auction terms and conditions please visit: https://baanknet.comand for clarifications related to this portal, please contact Help desk No.**8291220220** Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with **https://baanknet.com.**

તારીખ: ૨૫/૧૨/૨૦૨૫,
સ્થળ: સુરત.

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.